# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-01-2026** **Midday : 1.20 to 1.30 PM**
**Day : Friday** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આસામમાં બીજા વિધાનસભા સંકુલ સહિત એક હજાર ૭૧૫ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ લોન્ચ કર્યા.
2) રાષ્ટ્ર આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની 78મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે.
3) જમ્મુ કાશ્મીરમાં જૈશ-એ-મોહમ્મદ સંગઠનના ત્રણ આતંકવાદીઓને શોધવા સુરક્ષા દળની તીવ્ર કાર્યવાહી.
4) ભારત અને યુએઈના વિદેશ મંત્રીઓની બીજી બેઠક આવતીકાલે નવી દિલ્હીમાં યોજાશે.
5) WPL ક્રિકેટમાં, આજે, ગુજરાત જાયન્ટ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે ગુજરાતમાં મુકાબલો.

------------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી રાષ્ટ્રીય સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ 2 વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

# AMIT SHAH-PROJECTS

ગૃહમંત્રી અમિત શાહે આજે આસામના દિબ્રુગઢમાં બીજા વિધાનસભા સંકુલ સહિત એક હજાર ૭૧૫ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ લોન્ચ કર્યા. ગૃહમંત્રીએ આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા, કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલ અને અન્ય મહાનુભાવોની હાજરીમાં આ પ્રોજેક્ટ્સનું અનાવરણ કર્યું.

આ પ્રસંગે સંબોધન કરતાં આસમની ચા વિશે શ્રી શાહે આ મુજબ  કહ્યું હતું.

(બાઇટ – અમિત શાહ, ટી- ફાર્મ)

દિબ્રુગઢને બીજા વહીવટી કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાના સરકારના પ્રયાસોના ભાગ રૂપે શ્રી શાહે ૨૮૪ કરોડ રૂપિયાના બીજા વિધાનસભા સંકુલ અને ધારાસભ્ય છાત્રાલયનો શિલાન્યાસ કર્યો. શ્રી શાહે ૨૩૮ કરોડ રૂપિયાના આધુનિક બહુ-શાખાકીય રમત સંકુલના પ્રથમ તબક્કાનું પણ ઉદ્ઘાટન કર્યું અને તેના બીજા તબક્કાનો શિલાન્યાસ કર્યો, જે ૨૦૯ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે બનાવવામાં આવશે.

(બાઇટ- અમિત શાહ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ)

ગૃહમંત્રીએ જંગલી પ્રાણીઓની સારવાર માટે 292 કરોડ રૂપિયાના વન્યજીવન આરોગ્ય અને સંશોધન કેન્દ્ર અને તાલીમ એકમો સાથે ઉન્નત પ્રયોગશાળા સુવિધાઓનો શિલાન્યાસ પણ કર્યો.

. . . . . . . . . . . . .

# GANDHI TRIBUTES-PM

દેશ આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની 78મી પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી રહ્યો છે. નવી દિલ્હીમાં રાજઘાટ ખાતે ગાંધી સમાધિ ખાતે સર્વ ધર્મ પ્રાર્થના સમારોહનું આયોજન કરાયું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.  ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીની સમાધિ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. દર વર્ષે 30 જાન્યુઆરીએ સમગ્ર રાષ્ટ્ર મહાત્મા ગાંધીના જીવન અને વારસાને યાદ કરે છે, જે દેશના સ્વતંત્રતા સંગ્રામના માર્ગદર્શક હતા. આ દિવસને શહીદ દિવસ તરીકે પણ મનાવવામાં આવે છે. તેનો ઉદ્દેશ્ય ભારતની સ્વતંત્રતા અને એકતા માટે પોતાના જીવનનું બલિદાન આપનારા તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહીદોને શ્રદ્ધાંજલિ આપવાનો છે.

. . . . . . . . . . . . .

# SHAH - GANDHI TRIBUTE

ગૃહમંત્રી અમિત શાહે આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે ગાંધીજીએ ભાષા, ક્ષેત્ર અને જાતિ દ્વારા વિભાજિત રાષ્ટ્રને એક કર્યું અને

સ્વતંત્રતા ચળવળનો વિસ્તાર કર્યો. તેમણે સ્વદેશી, સ્વતંત્રતા અને સ્વચ્છતાને એકીકૃત કરીને એક ભવ્ય રાષ્ટ્રની કલ્પના કરવામાં ગાંધીજીના યોગદાનની પણ પ્રશંસા કરી.

. . . . . . . . . . . . .

# JHARKHAND GOVERNOR-GANDHI TRIBUTE

ઝારખંડના રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવારે રાંચીના લોકભવનમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની પુણ્યતિથિ પર પુષ્પાંજલિ અર્પણ કરી. તેમણે કહ્યું કે સત્ય, અહિંસા અને શાંતિના માર્ગ પર ચાલીને બાપુએ વિશ્વને માનવતા અને કરુણાનો સંદેશ આપ્યો. મુખ્યમંત્રી હેમંત સોરેને પણ મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા કહ્યું કે સત્ય, અહિંસા અને ન્યાયના બાપુના આદર્શો દેશની  લોકશાહી અને સામાજિક જીવનનો પાયો છે.

. . . . . . . . . . . . .

# VP-SUBHRAMANIAM

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને આજે નવી દિલ્હીમાં ઉપરાષ્ટ્રપતિ એન્ક્લેવ ખાતે ભારત રત્ન પુરસ્કારથી સન્માનિત સી. સુબ્રમણ્યમને તેમની જન્મજયંતિ પર પુષ્પાંજલિ અર્પણ કરી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે સી. સુબ્રમણ્યમે દેશની હરિત ક્રાંતિમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમના દૂરંદેશી નેતૃત્વ અને નીતિઓએ દેશના કૃષિ ક્ષેત્રને બદલી નાખ્યું, ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરી અને લાખો ખેડૂતોની

આજીવિકાને મજબૂત બનાવી. શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે રાષ્ટ્રીય વિકાસમાં સુબ્રમણ્યમનું અમીટ યોગદાન પેઢીઓને પ્રેરણા આપતું રહેશે.

. . . . . . . . . . . . .

# J&K-TERROR OPERATION

જમ્મુ કાશ્મીરમાં કિશ્તવાર જિલ્લાના ચતરૂ વિસ્તારમાં છુપાયેલા જૈશ-એ-મોહમ્મદ સંગઠનના ત્રણ આતંકવાદીઓને શોધવા માટે સુરક્ષા દળોએ કાર્યવાહી વધુ તીવ્ર કરી છે.

સિંધપોરા, ચિંગમ અને ચતરૂના છ કિલોમીટરના વિસ્તારમાં મોબાઇલ ઇન્ટરનેટ સેવાઓ અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે. ગત 18મીએ આ વિસ્તારમાં ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું, જે દરમિયાન સોનાર જંગલમાં ભીષણ ગોળીબાર થયો હતો, જેમાં એક પેરાટ્રૂપર શહીદ થયા હતા અને સાત સૈનિકો ઇજાગ્રસ્ત થયા હતા. જોકે આતંકવાદીઓ ભાગી જવામાં સફળ રહ્યા હતા. દરમિયાન, સુરક્ષા દળોને પૂંછ જિલ્લાના સુરનકોટ વિસ્તારમાં બે શંકાસ્પદો હોવાની માહિતી મળ્યા બાદ તપાસ ચાલી રહી છે.

. . . . . . . . . . . . .

# CHHATTISGARH-MAOISTS

છત્તીસગઢના સુકમા જિલ્લામાં આજે બે મહિલાઓ સહિત ચાર માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું. તેમના પર 8 લાખ રૂપિયાનું ઇનામ

હતું. તેમણે બસ્તર રેન્જના પોલીસ મહાનિરીક્ષક સુંદરરાજ પી., સુકમા પોલીસ અધિક્ષક કિરણ ચૌહાણ અને અન્ય વરિષ્ઠ સુરક્ષા દળના અધિકારીઓ સમક્ષ સુકમા જિલ્લા મુખ્યાલયમાં આત્મસમર્પણ કર્યું. તેમણે એક SLR સહિત ચાર શસ્ત્રો પણ સોંપ્યા હતા. આ માઓવાદીઓ જિલ્લાના ગોલ્લાપલ્લી, કોન્ટા અને કિસ્તારામ વિસ્તારોમાં સક્રિય હતા.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# REV. MEA-ARAB FOREIGN MINISTERS

ભારત અને આરબ વિદેશ મંત્રીઓની બીજી બેઠક આવતીકાલે નવી દિલ્હીમાં યોજાશે. આ બેઠકની સહ-અધ્યક્ષતા ભારત અને UAE કરશે. આરબ લીગના સભ્ય દેશોના વિદેશ મંત્રીઓ અને આરબ લીગના મહાસચિવ આ બેઠકમાં ભાગ લેશે. નવી દિલ્હીમાં ભારત દ્વારા આયોજિત આ પ્રથમ ભારત-આરબ બેઠક છે.

દરમિયાન, બીજી ભારત-આરબ વિદેશ મંત્રીઓની બેઠક અગાઉ ચોથી ભારત-આરબ વરિષ્ઠ અધિકારીઓની બેઠક નવી દિલ્હીમાં ચાલી રહી છે. કતારના વિદેશ રાજ્યમંત્રી સુલતાન બિન સાદ અલ મુરૈખી અને લિબિયાના વિદેશમંત્રી એલ્તાહર એસએમ એલ્બૌર બીજી ભારત આરબ વિદેશ મંત્રીઓની બેઠક પહેલા નવી દિલ્હી પહોંચ્યા છે.

સોમાલિયાના વિદેશ અને આંતરરાષ્ટ્રીય સહયોગ મંત્રી અબ્દિસલામ અબ્દી અલી આજે સવારે નવી દિલ્હી પહોંચ્યા. વધુમાં, લીગ ઓફ આરબ સ્ટેટ્સના મહાસચિવ, પેલેસ્ટાઇનના વિદેશ અને વિદેશી બાબતોના મંત્રી, કોમોરોસના વિદેશ મંત્રી અને સુદાનના વિદેશ અને આંતરરાષ્ટ્રીય સહયોગ મંત્રી ગઈકાલે નવી દિલ્હી પહોંચ્યા છે.

. . . . . . . . . . . . . .

# TRUMP VENEZUELA AIRSPACE

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, તેઓ વેનેઝુએલા ઉપરના તમામ વાણિજ્યિક હવાઈ ક્ષેત્ર ખોલશે અને અમેરિકનો ટૂંક સમયમાં તે દેશની મુલાકાત લઈ શકશે. તેમણે તેમના પરિવહન સચિવ અને અમેરિકન લશ્કરી નેતાઓને એરસ્પેસ ખોલવા માટે પગલાં લેવા સૂચના આપી હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, અમેરિકન નાગરિકો ટૂંક સમયમાં વેનેઝુએલા જઈ શકશે, અને તેઓ ત્યાં સુરક્ષિત રહેશે. જો કે વેનેઝુએલાની સરકારે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નથી.

(વોઇસકાસ્ટ – નવીન સક્સેના)

. . . . . . . . . . . . . .

# WPL

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, આજે, ગુજરાત જાયન્ટ્સનો મુકાબલો મુંબઈ ઇન્ડિયન્સ સાથે થશે. આ મેચ આજે સાંજે 7.30 વાગ્યે, ગુજરાતના કોટંબીમાં વડોદરા ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે.

ગઈકાલે રમાયેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ કેપ્ટન સ્મૃતિ મંધાના અને ગ્રેસ હેરિસની 108 રનની મજબૂત ઓપનિંગ ભાગીદારીના આધારે, યુપી વોરિયર્સને 8 વિકેટથી હરાવ્યું.

. . . . . . . . . . . . . .